# 'द्वयाश्रय' काव्यना एक पद्यनी शंकास्पद वृत्ति परत्वे विचारणा

– शीलचन्द्रविजय गणि

१. श्री हेमचंद्राचार्ये गूजरातना चावडा – सोलंकी – राजाओना चारित्रवर्णन सार्थ स्वरचित 'सिद्धहेमचन्दशब्दानुसासन' द्वारा सिद्ध थता शब्दप्रयोगोने गूंथी लेता 'द्वयाश्रय' महाकाव्य उपर श्रीअभयतिलकगणिए वृत्ति रचेली छे । आ वृत्ति काव्यना अर्थोने तेम ज व्याकरणना प्रयोगोने पण खोली आपे तेवी सुगम छे । जो के आ वृत्तिने सर्वग्राही वृत्ति कहेवानुं साहस न करी शकाय । केम के हजी काव्यतत्त्व तथा अलंकार–वर्गोनी दृष्टिए 'द्वयाश्रय' उपर विवेचन थवानुं बाकी ज रहे छे । आम छतां, आजे तो 'द्वयाश्रय'ना अर्थोद्घाटन माटेनुं एकमात्र सरस साधन आ वृत्ति ज छे ।

'द्वयाश्रय'ना प्रथम सर्गमां अणहिल्लपुरपत्तननुं नगरवर्णन थयुं छे. चोथा पद्यथी आरंभीने कुल १३० पद्योमां पथरायेलुं ए नगरवर्णन अत्यन्त रोचक अने कल्पनोत्तेजक छे । वृत्तिकारे ए रोचकताने झीलवानो पोतानी क्षमता अनुसारे सारो प्रयत्न कर्यो छे । परंतु आ वर्णनमां ५८ मा पद्यनी वृत्ति, मूल पद्यना रहस्यथी विपरीत जती होय तेवुं जणाय छे । ए पद्य तथा तेनी वृत्ति आ प्रमाणे छे :

> न यथा कोऽपि संस्कर्ता संचस्कार यथा न च ।
> अरोचकी गुणेष्वत्र संस्कर्तुं यतते तथा ।। ५८ ।।

वृत्ति : – अत्र पुरे न रोचते धान्यं क्षुधोऽभावादस्मिन् "नाम्नि पुंसि च" (पू. ३.१२२) इति णके अरोचको बुभुक्षाया अभावः सोऽस्त्यस्य" प्राणीस्थाद०" (७.२.६०) इत्यादिना रुग्वाचित्वादिनि अरोचकी नरो गुणेषु व्यञ्जनेषु विषये संस्कर्तुं हिङ्गुकर्पूरादिक्षेपेण तथा तेन प्रकारेण यतते प्रवर्तते यथा कोऽपि पुमान् न संस्कर्ता न संस्करिष्यति यथा कोऽपि न च संचस्कार संस्कृतवान् ।

वृत्तिनो सार ए समजाय छे के "आ नगरना लोकोने 'अरोचक' नामनो रोग होवाथी, अथवा अहींना लोकोने बहु भूख न लागती होवाथी, भूख लागे ते खातर, तेओ गुणो एटले शाक–दाळ प्रकारनां व्यंजनोमां हिंग अने कपूर आदि संस्कार (वघार व.) करता हता, के जेवो कोईए क्यारेय कर्यो न होय के करशे पण नहि ।"

अत्यंत ग्राम्य, बेहूदो अने नगरनी प्रशस्तिने बदले अपकीर्ति गणाय तेवो – आवो अर्थ वृत्तिकारे आ पद्यनो केवी रीते अने केम तारव्यो हशे ? ते समजमां आवे तेम नथी ।

वास्तवमां आ पद्य एक उच्च कक्षानुं ध्वनिकाव्य गणी शकाय तेवुं पद्य छे । आ पद्यमां आवेला 'गुण' शब्दनो 'गुण' अर्थ ज करवाथी, अने 'अरोचकी' नो अर्थ आयुर्वेदमां वर्णवेल 'अरोचक नामना रोगथी पीडातो' एवो न करतां गुणो प्रत्ये ज जेने अरुचि छे ते गुणोनो अरोचकी" एवो करीए तो आ पद्यमांथी एवो ध्वनि नीकळे छे के :



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"आ नगरना लोको एवा तो गुणवंत हता, के जेमने देखीने गुणोनो अरोचकी– अवगुणी दुर्जन जण पण, पोतानामां आवा गुणो प्रगटाववा माटे एवो प्रचंड उद्यम करतो के जेवो म पूर्वे कोईए कर्यो न होय तेम भविष्यमां कोई करशे पण नहि "।

आ अर्थने जो यथार्थ स्वीकारीए तो आ पद्यनी व्याख्या आ प्रमाणे करवी घटे :

वृत्ति :

अत्र – पुरं, गुणेषु – गुणानां – सद्गुणानां प्राप्तिविषये, अरोचकी– सद्गुणान् प्रति रुचिमान् – दुर्जनो निर्गुणो वा जन इत्यर्थ, 'अपि' अध्याहार्य : अतो निर्गुणोऽपि जनः; कर्तु 'निजं' इति शेषः, निजात्मनि गुणानां संस्कारमाधातुमित्यर्थः; तथा – तेन प्रकारेण त्वरया तत्येन तीव्रभावादिना वा – यतते – यत्नं कुरुते, यथा – येन प्रकारेण कोऽपि – कश्चिदपि न्यो जनः न संचस्कार– निजात्मानं न संस्कृतवान् 'पूर्वं' 'गुणैरिति च शेषः । न च – ना 'कोऽपि' इति अत्राप्युपादेयं; अतो न कश्चिदपि जनः संस्कर्ता च –भविष्यकाले निजात्मानं स्करिष्यत्यपि । अयं भावः –एतादृशोऽत्रत्यो जनो गुणवान्, यं दृष्ट्वा अन्यो निर्गुणो जनो जनिर्गुणत्वेन लज्जितत्वा निजात्मानं गुणसंस्कृतं निर्मातुं तथा सयत्नो भवत्यत्र, यथा भूतकाले नापि जनेन नोद्यतं, न वा भविष्यत्कालेऽपि कोऽपि तादृक् प्रयत्नशीलो भावी ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org